# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ




મળે 'ક્લીનચીટ' તપાસો નિષ્ફળ થઇ જાય છે,
સિંચાઇ ખાયકીના સોદા સફળ થઇ જાય છે,
અકળ-વિકળ થાય છે સરકાર ટકી જવા -
સાચવે સત્તા ગોઠવણ, અકળ થઇ જાય છે.
(અજીત પવાર નો સોગંધવિધિ સંપન્ન)




કોંગી કચરે
બનાવે છે ખાતર -
ઉગે હેટ્રીક..

દેશી દૂકાને
દલાલીથી વેંચાશે -
વિદેશી માલ!

## ચિંતન

**અર્થો નરાણાં પતિરંગનાનાં, વર્ષા નદીના મૃતુરાટ્તરૂણામ્ ।**
**સ્વધર્મચારી નૃપતિઃ પ્રજાનાં ગતં ગતં યૌવન માનયન્તિ ॥**

'જો રાજા ધર્મનું આચરણ કરનારા (સંનિષ્ઠ ન્યાયી) હોય તો : પ્રજાની ગયેલી સંપત્તિ-સમૃધ્ધિને પણ પાછી લાવી દે છે, કુટુંબ-સમાજના કલહમાં સમાધાન-સમજૂતિઓ કરાવી આપે છે, ધર્માચરણને કારણ વર્ષા વગેરે ઋતુઓ નિયમિત રહે છે અર્થાત્ નદી-નાળાં ભરપૂર રહે છે અથવા બંધો-તળાવો દ્વારા રાજ્યમાં 'પાણી'ની તકલીફ રહેતી નથી-જળપૂર્ણ રહે છે, કુદરતનાં સૌંદર્યો, વૃક્ષારોપણ દ્વારા-વનમાં સદાય વસંતઋતુ સચવાયેલી રહે છે અને પરિણામે પ્રજા સદાય સુખી-તંદુરસ્ત-સ્વસ્થ નીત-યૌવન ધરાવતી રહે છે.'

રાજ્યનો મુખ્યપ્રધાન જ જો ગુંડાઓ અને ગેંગોનું નેતૃત્વ કરી તેમને પાળતો-પોષતો હોય એના દ્વારા 'સોપારી'નો સોદો કરતો હોય, એન્કાઉન્ટરો કરી દુશ્મનોના કાંટા કાઢતો હોય, એક પાપ છુપાવવા બીજાં અનેક પાપ કરતો જ હોય, ત્યારે રાજ્યમાં ધરતીકંપો-વાવાઝોડા-અતિવર્ષા કે દુષ્કાળ આવ્યા જ કરતા હોય છે. ચીન-જાપાન-અમેરિકાને તેમની અનિષ્ઠ પ્રવૃત્તિઓ-ખટપટો અને અધર્મનું પરિણામ કુદરત આપ્યા જ કરે છે.

આપણા દેશમાં પણ અનેક રાજ્યો-પ્રજા છે જે 'રાજા'નાં વાંકે હેરાન-પરેશાન થયા જ કરે છે. રાજા ધર્માચરણવાળો હોય તો વિકાસ-પ્રગતિ અને સમૃધ્ધિનાં થ્રી-ડી નગારાં વગાડવાં નથી પડતાં કામ બોલે છે. દિશાઓ-દશાઓ પ્રચાર વિના બદલાઇ જાય છે.

## સુવિચાર

- ચિંતન વિનાનું અધ્યયન તો વ્યર્થ પરિશ્રમ જ છે **- સિસેરો**
- મહાન વિચાર જયારે કર્મ-આચરણમાં પરિણમે ત્યારે જ મહાન કાર્ય થતાં હોય છે **- હૈજબિટ**
- માણસ જેવો વિચાર કરે છે તેવો જ તે હોય છે **- બાઇબલ**
- જે વ્યક્તિ ઉચ્ચ વિચારોનાં સહવાસમાં રહે છે તે કયારેય એકાકીપણું અનુભવતો નથી **- ફિલિપ સીડની**
- ઉચ્ચ આદર્શો-સિધ્ધાંત-સદ્‌વિચાર કે સદ્‌ભાવ જ મનુષ્યને જીવનમાં બધી જ આપત્તિઓ સામે ટકી રહેવાની શક્તિ આપે છે **- એસ. ભટ્ટાચાર્ય**
- સારા વિચારો આવવા એ જ આંતરિક સૌંદર્યની નિશાની છે **- સ્વામી રામતીર્થ**
- વિચારનો દિપક જયારે બૂઝાઇ જાય ત્યારે આચાર અંધ થઇ જાય છે **- વિનોબા ભાવે**

## બોધ કથા

આજકાલના યુવાનો મા-બાપ કોઇ વસ્તુ ન ખરીદી આપે તો ઘર છોડી જાય, દારૂ-જુગાર માટે મા પૈસા ન આપે કે ઠપકો આપે તો ખૂન કરી નાખે - અરે એક શિક્ષકે વ્યસન માટે વિદ્યાર્થીના ઘરે ફરિયાદ કરી તો પાંચ વર્ષે ગૃહત્યાગ કરી ગયેલા વિદ્યાર્થી પાછો આવો શિક્ષક પર ગોળીબાર કર્યો.. યુવાનોમાં વડીલો પ્રત્યેનો આદર-લાગણી-માન-સન્માન-વાત્સલ્ય સૂકાતાં જાય છે. આજના યાંત્રિક-ટેકનોલોજીકલ યુગની અસરે તેમને કુંઠિત અને વિચારહીન બનાવી દીધા છે.

બ્રિટીશ સરકાર તરફથી થતાં જુલ્મો અને યાતનાઓ સહન કરીને પણ અડગ મનોબળથી સ્વતંત્ર ભારતની ચળવળ ચાલુ રાખનારા અને આઝાદી પામવા 'શહીદી' વહોરનાર વીર, સરદાર-ભગતસિંહે 'ફાંસી' તો હસતે મોઢે સ્વીકારી જ હતી પણ એ કેવા મજબૂત મનોબળ સાથે પણ વાત્સલ્યથી ભરપૂર હતા તેનું એક દૃષ્ટાંત જોઇએ.

બચપણમાં, વિદ્યાર્થીવયે કોઇ નાની સરખી ભૂલ માટે ભગતસિંહના પિતાજી ગુસ્સે થયા અને પુત્રને મારપીટ કરી.

કેટલાક કલાકો પછી, ભગતસિંહ પથારીમાં બેસી રડતાં હતા. નાની બહેને પૂછ્યું. ભાઇ, બહું માર્યું? હજુ દુખે છે? એટલે રડે છે?

ભગતસિંહે જવાબ દીધો, 'ના, બહેન મને માર પડ્યો એટલે નથી રડતો, પણ મારે કારણે પિતાજીને ગુસ્સો કરવો પડ્યો, વ્યથિત થયા અને મને મારવાથી એમના હાથ પણ દુખતો હશે, એ દુખથી રડવું આવે છે.'

# 'ફેસબુક' કરતા હોય અને પતિ-પત્ની હોય કે થવાના હોય તે આ વાંચે
# પતિ-પત્ની ઔર ફેસબુક

**એક વિચાર**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

આજના આધુનિક યુગનું સૌથી પ્રભાવક માધ્યમ ફેસબુક છે કે જેણે બાળકોથી લઈને વૃદ્ધો સુધીના લોકોને પોતાના પ્રભાવમાં લઈ લીધા છે. આ ફેસબુકે દુનિયાભરના દરવાજા ખોલી નાખ્યા છે. અભિવ્યક્તિના તમામ માધ્યમોને પાછળ રાખીને ફેસબુક આમ લોકોથી લઈને હાઈ-ફાઈ લોકો સુધી ફેલાઈ ગયું છે. વિશ્વના અન્ય પાશ્ચાત્ય દેશો તો ઠીક છે પણ એશિયાઈ દેશો ઉપર ફેસબુકની કેટલીક નકારાત્મક અસર પણ થઈ છે. ખાસ કરીને ભારત પર... આપણો દેશ ધર્મ-સંસ્કૃતિ અને સંસ્કારના પાયા પર ઉભો છે. પરંતુ આજે આ ત્રણેય પાયાઓ હચમચી રહ્યા હોય એવું લાગે છે. ભારતીય સંસ્કૃતિની સૌથી મહત્વની વ્યવસ્થા હોય તો તે છે 'પારિવારિક વ્યવસ્થા'. પતિ-પત્નીની ભાવના અને બાળકોનો ઉછેર તથા વડિલોની-વૃદ્ધોની સંભાળ રાખવાના સંસ્કારની વ્યવસ્થા છે. જોકે છેલ્લા દશકમાં આ વ્યવસ્થા તૂટી રહી છે કેમકે હવે ૨૧મી સદીમાં યુગ બદલાઈ રહ્યો છે. પ્રત્યેક દેશોની જૂની સંસ્કૃતિ-વિચારધારા બદલાઈ રહ્યા છે આજે દુનિયાનો પ્રત્યેક માણસ અન્યની સામે અભિવ્યક્ત થવા ઈચ્છે છે. પોતાની આવડત, કલા બીજાને બતાવવા ઈચ્છે છે આ પ્રકૃતિગત સ્વભાવ શરીરથી, હાવભાવથી, વિચારથી, ફોટાથી અન્યને આકર્ષવાના પ્રયત્નો કરે છે.

આમ જોઈએ તો ફેસબુક વિશાળ મહાસાગર છે. જેમાં ગંગા, યમુના, બ્રહ્મપુત્ર, ભગીરથી, ટેમ્સ, નાઈલ કે અન્ય પવિત્ર નદીઓના જળ પણ ઠલવાય છે. હવે આપણે અત્યાર સુધી ઘરના બાથરૂમમાં કે બહુ-બહુ તો નાના-મોટા તળાવમાં નહાવા ટેવાયેલા હોય અને અચાનક આવડો મોટો મહાસાગર મળી જાય એટલે મોટાભાગે ૯૦% બગડી જવાના ચાન્સ વધારે હોય એ સ્વાભાવિક છે. વળી એક વાત તો હકીકત છે. સત્ય છે કે ફેસબુકે ભારતીય સંસ્કૃતિની આખી પરંપરા હચમચાવી નાખી છે. કેમકે જે છોકરી લગ્ન પહેલા પોતાના ભાવિ પતિનું મુખ પણ માંડ-માંડ જોઈ શકતી હતી તે છોકરી આજે એકલી... ફેસબુક ઉપર.. કોઈની સાથે ચેટીંગ કરીને ડેટીંગ ઉપર જતી થઈ ગઈ છે. આજે અભિવ્યક્તિની બાબતે છોકરાઓ કરતા છોકરીઓ વધુ મુક્ત અને સ્વતંત્ર મિજાજ ધરાવે છે. કેમકે મારા માનવા પ્રમાણે બુદ્ધિની મર્યાદિત ક્ષમતાને કારણે તે આગળ-પાછળનું, ભાવિનું, પરિવારનું, સમાજનું કે દેશનું લાંબુ વિચારતી નથી અને ફિલ્મો તથા ટી.વી. સિરિયલોની અસરમાં પોતાના ગમે તેવા ફોટા અપલોડ કરી દે છે અને છોકરાઓ તો રાહ જોઈને જ બેઠા હોય છે. જેવો ફોટો અપલોડ થયો નથી કે Like થી લઈને 'Love you' સુધીની કોમેન્ટ્સ મોકલી દે છે.

ભલે આપણે માનીએ છીએ કે વિશ્વ બદલાયું છે. યુગ બદલાયો છે. વિચારધારા બદલાઈ છે. પણ મૂલ્યો નથી બદલાતા.. સંસ્કાર નથી બદલાતા અને જ્યાં જ્યાં બદલાયા છે ત્યાં ત્યાં મોટા અનર્થો થયા છે. પણ આજની યુવા પેઢી એ નથી વિચારતી કે ફેસબુકના તમામ ફ્રેન્ડસ કે તમારી ફ્રેન્ડ્સ તમારામાંથી જ કેટકેટલાના દામ્પત્યજીવન બગાડશે ? આ ફેસબુકે પારિવારિક મૂલ્યોને ખૂબ જ નુકસાન પહોંચાડ્યું છે. એમ કહીએ તો જરાય ખોટું નથી.

આજની છોકરીઓ એ નથી વિચારતી કે આજનો છોકરો પોતે ગમે તેટલી છોકરીઓ સાથે ફ્રેન્ડશીપ કરે પણ પોતાની પત્ની તો કોઈ છોકરા સાથે ફ્રેન્ડશીપ કરવી જ ના જોઈએ... એવું માને છે. શું આ શક્ય છે ? આજે છોકરાઓ કરતા છોકરીઓને ફ્રેન્ડ્સ વધારે હોય છે. તેથી સારા પતિ કે પત્ની થઈ એક જ સારા પરિવારમાં આખું જીવન વિતાવવું હોય તો આજની યુવાપેઢીએ આ ફેસબુકનું વળગણ-પ્રભાવ ઓછો કરવો પડશે. ખૂબ જ સમજદારીથી - મૂલ્યો જાળવીને એનો ઉપયોગ કરવો પડશે. નહિતર આવનાર વર્ષોમાં એના પરિણામો ગંભીર આવશે.

પતિ-પત્ની બાબતે પણ આ જ સમસ્યા છે. પુરુષ સાંજે ઓફિસથી ઘેર આવી ફેસબુક ઉપર લાગી જાય છે અને છેક મોડીરાત સુધી જ્યાં અને ત્યાં આડે-અવળે Like, કોમેન્ટ્સ અને ટેગ કે શૅર કર્યા કરે છે અને સુંદર-આકર્ષક-મોહક સ્ત્રીઓના ફોટા જોઈ-જોઈને પોતાની પત્નીમાં રસ ઓછો થતો જાય છે અને ધીમે-ધીમે પતિ-પત્નીમાં માનસિક અને શારીરિક અંતર વધતું જાય છે. કેટલીક જગ્યાએ પત્નીઓ પણ આ ચક્રમાં ફસાયેલી છે. પતિની, પરિવારની, બાળકોની કે સગા સંબંધીઓની સહેજ પણ પરવા કર્યા વિના પોતાના સારા-નરસા બધા જ ફોટા ફેસબુક ઉપર અપલોડ કર્યે રાખે છે.

હવે દેખાવે જરાય સારી ના હોય, ફોટા સહેજેય સારા ન આવતા હોય. તેવી સ્ત્રીઓ પોતાના ફોટા વારંવાર શા માટે મૂકતી હશે એ મને હજી સુધી સમજાયું નથી અને પુરુષો (પરિણીત) પાછા આવા આકર્ષક ફોટાઓ ઉપર પણLike કરે અથવા કોમેન્ટ્સ કરે 'Nice pic' શું આ બધું એમના પતિઓને ગમતું હશે ? બાળકોને ગમતું હશે ? પણ પુરુષનું ઘરમાં ચાલતું નહી હોવાથી પણ એ મોકો મળતા બહાર આજુબાજુ-સ્ટાફમાં કે ગમે ત્યાં બીજી સ્ત્રી સાથે સંબંધ કેળવે છે... પતિ હોય કે પત્ની હોય. જો એકલા-અલગ-અલગ ફેસબુક કરતા હશો તો આવનાર ભવિષ્યમાં બહુ મોટા પ્રશ્નો ઉભા થશે. પરિવારો તૂટશે એ ની છે. તમારો વર્ષોનો પ્રેમ, માન-મર્યાદા-સન્માન-પ્રતિષ્ઠા બધુ એક જ ઝાટકે ફેસબુક તોડી નાખશે. કેમકે આજે Like થી લઈને 'Love you' સુધી બધુ નોર્મલ, સરળ અને સસ્તું થઈ ગયું છે. થોડા જ વર્ષો પહેલા આપણને કોઈ કહેતું કે 'તમે મને ખૂબ ગમો છો' તો એની અસર મહિનાઓ-વર્ષો સુધી રહેતી. જ્યારે આજે 'I Love you'ની કોઈ જ કિંમત રહી નથી. આવતીકાલે એવું પણ બનશે કે આપણી હાજરીમાં આપણી જ પત્નીને કે પતિને કોઈ જાહેરમાં 'I Love you' કહેશે. ભેટશે કે Kiss કરશે અને સાથે ઘેર આવવાનું, ફિલ્મ જોવાનું નિમંત્રણ આપશે. એ વખતે આપણે શું કરીશું ? એ અત્યારથી વિચારવું પડશે. અથવા ધારો કે તમે પતિ-પત્ની બનવાના છો... ધારો કે લગ્ન થઈ ગયા અને લગ્ન પછી પણ ફેસબુકીઆ ફ્રેન્ડ્સ જે પોતાની જાતને તમારા લવર્સ સમજે છે એ તમને ગમે ત્યારે બજારમાં, પારિવારિક, સામાજિક પ્રસંગોમાં-કાર્યક્રમોમાં, મળશે અને એકદમ ભેટીને 'Love you yaar' કહશે ત્યારે સાથે રહેલા તમારા પતિને કે પત્નીને શું જવાબ આપશો ? જો બંને પક્ષે આવી ઘટનાઓ બને અને તે સ્વીકારાતી હોય તો ફેસબુક બિન્દાસ્તથી કરવામાં વાંધો નથી. નહિતર અત્યારથી ચેતી જવું સારૂં. કેમકે આવા ફેસબુકીયા ફ્રેન્ડ્સ કમ લવર્સને તમારા લગ્નથી કે તમારા ગમે તેટલા બોય/ગર્લ્સ ફ્રેન્ડ્સથી કોઈ ફરક પડતો નથી કેમકે એમને તો ગમે ત્યારે-ગમે ત્યાં મોકો મળે એની જ રાહ જોવાની હોય છે. પણ એ વખતે તમારું નવું-નવું કે જૂનું લગ્ન જીવન નહીં તૂટે એની શી ખાત્રી ? કેમકે લગ્ન જીવનનો, દામ્પત્ય જીવનનો મુખ્ય પાયો વિશ્વાસ છે. ભરોસો છે. પતિ-પત્નીનો એકબીજાના ઉપરનો ભરોસો-વિશ્વાસ એ જ પરિવારનું ગૌરવ છે. આ વિશ્વાસ કે ભરોસો ફેસબુકને કારણે તૂટ્યો કે ગુમાવ્યો તો પછી આખી જિંદગી એ પાછો મેળવી નહી શકાય અને નાની-નાની વાતમાં શંકાઓ, સમાધાન, ઝગડાઓ સાથે જિંદગી જીવવી પડશે અને અંતે છૂટા પણ થવું પડે.. કેમકે આપણે પાશ્ચાત્ય દેશના તો છીએ નહીં કે ગમે ત્યારે ગમે તેની સાથે હરી-ફરી શકીએ. ગમે તે કરી શકીએ... માટે જે પતિ-પત્ની છે અથવા ભવિષ્યમાં થવાના છે, એવા દરેકે સૌ પ્રથમ તો કોઈ બુદ્ધિજીવી પાસે બેસીને 'ફેસબુક'ના કલ્ચર-સ્વભાવ અને મનોવિજ્ઞાન વિશે સમજવું જોઈએ અને એ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે પોતે એમાં કેવા ફોટાઓ અપલોડ કરે છે. આ બધી બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ કેમકે આપણી પ્રત્યેક પ્રવૃત્તિમાં આપણી 'વૃત્તિ' પ્રગટતી હોય છે. વિચાર પ્રગટતા હોય છે. ફેસબુકમાં આપણી પ્રોફાઈલ આપણા સંસ્કાર-વિચારનું પ્રતિબિંબ છે એનાથી આપણું-આપણા વ્યક્તિત્વનું મૂલ્યાંકન થતું હોય છે. આજે વિદેશોમાં મોટી-મોટી કંપનીઓ ફેસબુકની પ્રોફાઈલ જોઈને જ યુવાનોને નોકરીએ રાખે છે. આવતીકાલે 'લગ્નો' પણ ફેસબુકની પ્રોફાઈલ જોઈને થવાના... એ વખતે તમે અપલોડ કરેલા ફિલ્મોના ફોટાઓ, મિત્રોએ મોકલેલા જેવા-તેવા ઉત્તેજક ફોટાઓ, લખાણ તમારું જીવન અને કારકિર્દી બગાડી શકે છે. કેમકે ફેસબુક એ માત્ર મોજ-મજા કે મસ્તી કે ફ્લર્ટ કરવા માટેનું માધ્યમ નથી એના બીજા ઘણા સકારાત્મક ઉપયોગો પણ છે. હા અભિવ્યક્ત ચોસ થાવ... સારા કપડા પહેર્યા છે ? ફરવા ગયા ? કાર્યક્રમો, પ્રસંગો, પાર્ટીઓ.. બધાના ફોટા મૂકો. લખો પણ એમાં એક મર્યાદા હોવી જોઈએ એનાથી આપણા વ્યક્તિત્વનું, પરિવારનું કે પ્રતિષ્ઠાનું મૂલ્ય ઘટવું ના જોઈએ. નહિતર આવતા પાંચ-દશ વર્ષમાં લગ્ન કરવા માટે કોઈ સારી છોકરીને સારો છોકરો કે સારા છોકરાને સારી છોકરી નહીં મળે... અને મળશે તો લગ્નના એકાદ-બે વર્ષમાં જ લગ્નજીવન તૂટશે. જેમ 'કરેલા કર્મોનું ફળ' અહીં જ મળે છે તેમ 'ફેસબુકના કર્મોનું ફળ' પણ અહીં જ મળે છે. એ વાત હંમેશાં યાદ રાખવી. હવે ની આપણે કરવાનું છે કે આપણને કેવું જીવન ગમશે ? ખાસ કરીને છોકરીઓએ ગમે તેવા ફોટા ઉપર Like કરવું, શૅર કરવા, ટેગ કરવા કે કોમેન્ટ્સ કરવાથી બચવું જોઈએ. કેમકે એની નોંધ લઈને જ મોટાભાગના છોકરાઓ, પુરુષો આગળ વધતા હોય છે.

વળી ફેસબુકનું સૌંદર્ય મોટેભાગે જૂઠ્ઠું હોય છે. ફોટા બીજાના હોય છે અને ફોટામાં દેખાતી સુંદરતા સામે આવે છે ત્યારે ખબર પડે છે કે... વળી ધારો કે સુંદરતા સાચી છે તો શું ચહેરાની કે શરીરની સુંદરતા ઉપર આખું જીવન પસાર થશે ખરું ? આથી ઘણી બધી બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે. જો તમારે સારી પત્ની કે સારી માતા કે સારી સ્ત્રી બનવું છે કે સારા પતિ-પિતા કે પુત્ર બનવું છે તો આપણા મૂળ સંસ્કારના મૂલ્યને ભૂલશો નહીં. નહિતર શરીરના બાહ્ય આકર્ષણમાં, ક્ષણિક સુખ મેળવવામાં, ફિલ્મોની અસરમાં તમે તમારું ચારિત્ર્ય, ઈજ્જત અને માન-સન્માન ગુમાવી બેસશો અને થોડા વર્ષો પછી સાવ એકલવાયું જીવન જીવવું પડે એવું પણ બની શકે છે. જેમ દેશ ચલાવવા, રાજ્ય કે સમાજ ચલાવવા કાયદા-કાનુન જરૂરી છે તેમ પરિવાર ચલાવવા માટે પણ એના પારિવારિક કાયદા-કાનુન જરૂરી છે. એક વ્યવસ્થા ગોઠવાયેલી હોય એ જરૂરી છે અને આ વ્યવસ્થાના દાયરામાં રહીને ફેસબુક કરશો તો કોઈ વાંધો નથી.

# છોકરીઓનું પ્રમાણ ઓછું હોવાથી અમુક રાજ્યો અને સમાજોના યુવકોને લગ્ન માટે કન્યા મળતી નથી, એટલે તેઓ બીજા રાજ્યો અને સમાજોમાં કન્યા શોધવા લાગ્યાં છે, આ સ્થિતિનો ગેરલાભ ગુનેગાર ટોળકીઓ ઉઠાવી રહી છે

દિવાળીના તહેવારો નિમિત્તે આપણા જેવા મોટા ભાગના લોકો દિવાળી પહેલાં વસ્ત્રો, જૂતાં, ફટાકડાં, સોના-ચાંદીનાં ઘરેણાં જેવી વસ્તુઓ ખરીદતા હોય છે. દિવાળી પછીના દિવસોમાં આપણી સાથેનાં સારા અનુભવોની આપ-લે કરતાં હોઇએ છીએ. એકવીસમી સદીમાં પણ દિવાળીના દિવસોમાં ભારતના અમુક રાજયોમાં છોકરીઓનું વેચાણ કરવામાં આવે છે. રાજસ્થાનના મેવાત પ્રદેશમાં છોકરીઓને 'ખરીદવા'માં આવે છે અને ત્યાર પછીથી આવતી દેવઉઠી અગિયારસે તેમનાં લગ્ન તેમનાથી મોટી ઉંમરનાં પુરૂષો સાથે કરી દેવામાં આવે છે. દુઃખની વાત એ છે કે એકવીસમી સદીમાં પણ છોકરીઓને અને સ્ત્રીઓને એક વસ્તુની માફક ખરીદવા અને વેચવામાં આવે છે.

રાજસ્થાનના મેવાત પ્રદેશમાં અલવર, ભરતપુર અને ધોળપુર જિલ્લાઓનો સમાવેશ થાય છે. પોલીસના રેકોર્ડઝ દર્શાવે છે કે દિવાળીના બે-ત્રણ મહિના પહેલાં અહીં માનવોની લે-વેચના કેસોમાં ઉછાળો આવે છે. ભરતપુરના સેવર ગામની પોલીસે ૧૨ નવેમ્બરે લુદવાઇ ગામમાંના એક ઘરમાં દરોડો પાડ્યો હતો અને બે એજન્ટોની ધરપકડ કરી હતી. પોલીસે આ ઘરમાં કેદ કરાયેલી ત્રણ છોકરીઓને બચાવી લીધી હતી. આ છોકરીઓ મધ્યપ્રદેશના જબલપુર જિલ્લાની રહેવાસી હતી અને તેમનું કહેવું હતું કે તેમને ધાર્મિક મેળાના બહાને લાલચ આપીને ભરતપુર લાવવામાં આવી હતી. એજન્ટોએ બાદમાં તેમને એક ઘરમાં પુરી દીધી હતી. અને કહ્યું હતું કે દિવાળીએ તેમને તેમના સાસરે મોકલવામાં આવશે.

હકીકતમાં તમે ભારતના કોઇ પણ રાજયનાં અખબારો જોશો તો તમને સમયાંતરે છોકરીઓ અને સ્ત્રીઓના વેચવાના કિસ્સાઓ અચૂક મળી આવશે. જો કે, જાણકારોનું કહેવું છે કે માત્ર કેટલાક કિસ્સાઓ બહાર આવે છે, મોટા ભાગના કિસ્સાઓ દબાઇ જાય છે. કારણ કે રાજસ્થાન જેવાં રાજયોમાં અન્ય રાજયમાંથી ખરીદાયેલી છોકરીઓ સાથેનાં લગ્નને સામાજિક સ્વીકૃતિ આપવાનું પ્રમાણ વધી રહ્યું છે. હરિયાણા અને પંજાબ જેવા રાજયોમા પુરૂષો આસામ અને મેઘાલય જેવા રાજ્યોની છોકરીઓ સાથે લગ્ન કરી રહ્યાં છે. ઉત્તર ભારતના ઘણાં રાજ્યોમાં પુત્રઘેલછાને કારણે બાળકીને માની કોખમાં જ મારી નાંખવામાં આવે છે. પરિણામે પુરૂષોની સામે સ્ત્રીઓની સંખ્યા ઘટતી રહી છે ભારતમાં ૭ વર્ષથી નીચેનાં બાળકોમાં છોકરાઓ કરતાં ૭૦ લાખ છોકરીઓ ઓછી છે.

છોકરીઓનું પ્રમાણ ઓછું હોવાથી અમુક રાજ્યો અને સમાજોના યુવકોને લગ્ન માટે કન્યા મળતી નથી. એટલે તેઓ બીજા રાજ્યો અને સમાજોમાં કન્યા શોધવા લાગ્યાં છે. આ સ્થિતિનો ગેરલાભ ગુનેગાર ટોળકીઓ ઉઠાવી રહી છે. જુલાઇ મહિનામાં રાજસ્થાનમાં પોલીસે એક ત્રીસ વર્ષીય મહિલાને એક ગેંગની પકડમાંથી છોડાવી હતી. આ ગેંગ આ મહિલાઓને છેલ્લા એક વર્ષમાં ચાર અલગ અલગ પુરૂષોને વેચી હતી. પોલીસ અનુસાર આ મહિલા એક વર્ષ પહેલાં રાકેશકુમાર નામના પુરૂષ સાથે ભાગી ગઇ હતી. પરંતુ પછી રાકેશે તેને જીતુ નામના પુરૂષને વેચી હતી. જીતુએ તેને ચાર અલગ અલગ પુરૂષોને વેચી દીધી હતી.

ગયા જૂન મહિનામાં મહારાષ્ટ્રમાંથી એક પરિણીત મહિલાને નોકરી અપાવવાની લાલચ આપીને મેરેજ બ્યુરો ચલાવતા એક પુરૂષ અને જયશ્રી નામની મહિલા સહિત ત્રણ લોકો રાજસ્થાનના કોટા શહેરમાં લઇ ગયાં હતાં, જયાં તેને ૧ લાખમાં એક વેપારીને વેચી નાંખવામાં આવી હતી. મહિલાના પતિ પર છઠ્ઠી જૂને ફોન આવ્યો હતો કે તેની પત્નીએ રૂા. ૧ લાખના બદલામાં બીજા પુરૂષના પુત્રને કોટાથી નાગપુર પાછો મોકલવામાં આવ્યો હતો. પોલીસનું કહેવું છે કે જયશ્રી એક ગેંગ સાથે સંકળાયેલી છે જે રાજસ્થાન અને ગુજરાતમાંના વેપારીઓને છોકરીઓ અને સ્ત્રીઓ વેચે છે.

રાજસ્થાન અને અન્ય ઉત્તર ભારતીય રાજયોમાં બેફામપણે માદા ભ્રૂણહત્યા થતી હોવાથી ત્યાં કન્યાઓની ભારે અછત છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

**હું રસ્તે રઝળતી વારતા**
**- અચના પટેલ**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૦મી ડિસેમ્બર**

- ડાઇનેમાઇટના શોધક, ઉદ્યોગપતિ આલ્ફ્રેડ નોબલની પુણ્યતિથિ.



પોતાની મિલ્કતનો મોટો ભાગ માનવજાતના કલ્યાણ માટે આપ્યો.

- આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પુરાતત્વવિદ શ્રી હસમુખ સાંકળીયાનો જન્મ. ૧૦-૧૨-૧૯૦૮.

પદ્મવિભૂષણ, રણજિતરામ ચંદ્રક વિજેતા, પુરાતત્વક્ષેત્રે ભારતના અનેક શોધ સંશોધનો કર્યા.



- ૧૯૦૩ - મેરી ક્યુરી : ભૌતિકશાસ્ત્રમાં પ્રથમ નોબેલ પારિતોષિક જીતનારા મહિલા.
- ૧૮૭૦ - ભારતના સમર્થ ઇતિહાસવેત્તા ભદુનાથ સરકારનો જન્મ.
- ૧૮૯૮ - સુરતના વ્યાપાર-ઉદ્યોગના અગ્રણી રણછોડદાસ પોપાવાળાનો જન્મ.
- ૧૯૦૧ - સ્વીડનને પહેલું નોબેલ પારિતોષિક મળ્યું.

# ગુજરાતના વિવિધ આયામી વિકાસની ગૌરવગાથા


**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના દષ્ટા ક.મા.મુનશી એ પ્રયોજેલો શબ્દ 'અસ્મિતા'માં 'અસ્મિ' એટલે 'હું છું' અને 'તા' એટલે 'પણું' સારા અર્થમાં 'અસ્મિતા' એટલે 'દેશાભિમાન', વળી 'અસ્મિતા' એટલે 'આત્મજ્ઞાન,' 'સ્વશક્તિનું ભાન', 'આત્મજાગૃતિ', યોગની ભાષામાં આ શબ્દનો અર્થ એ પણ થાય છે કે, 'આત્મા અને બુધ્ધિની એકતાની પ્રતિતિ.'

આપણે ગુજરાતની અસ્મિતાની વાત કરીએ એટલે 'ગુજરાતના દેશાભિમાનની વાત એમાં આવી જાય. ગુજરાતની અને ગુજરાતની વિકાસની સને ૨૦૦૧ થી ૨૦૧૨ના એક દસકા ઉપરાંતના આ ગાળામાં ગુજરાતે પ્રગતિની જે હરણફાળ ભરી એ માત્ર દેશનાં અન્ય રાજયો માટે જ નહીં, કેટલાય વિકાશશીલ દેશો માટે રૉલ - મૉડેલ બની છે. ગુજરાતે ઉદ્યોગ, કૃષિ અને ગ્રામવિકાસ, યુવારોજગારી, શિક્ષણ, મહિલા અને બાળવિકાસ, શહેરી વિકાસ, આદિજાત - દલિત - પછાત - લઘુમતી વિચરતી અને વિમુક્ત જાતિનાં કલ્યાણ ઈત્યાદિ ક્ષેત્રોમાં બહુવિધ અને બહુઆયામી વિકાસનાં નિતનવાં સીમા શિખરો સર કર્યા છે. આ વિકાસ યાત્રા હજુ વણથંભી ચાલી જ રહી છે. એનો સહજ ચિતાર આપતું પુસ્તક એટલે 'Great ગુજરાત, Global ગુજરાત.'

આ પુસ્તક એક દાયકાને રજૂ કરવામાં સંપૂર્ણ છે એવું નથી. ગુજરાતના વિકાસ અને ગતિ પ્રગતિનાં અનેક પ્રકરણો તો તેમાં ઉમેરાતાં જ રહેવાનાં છે. પરંતુ ૨૦૦૧ થી ૨૦૧૨ સુધીના ગુજરાતના વિકાસ ફલકને એક સાથે સર્વગ્રાહી રીતે રજૂ કરવાનો આ એક સુંદર પ્રયાસ છે. રાજકીય, સામાજિક, અને જાહેર જીવનમાં પ્રવૃત્ત તમાત વર્ગ માટે આ પુસ્તક એક વિકાસ દર્પણ સમાન છે. તો પૉલિટિકલ સાયન્સ અને સોશિયોલીજ જેવા વિષયો સાથે અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે આ પુસ્તક સંદર્ભ ગ્રંથની ગરજ સારે તેવું છે.

આલ્બર્ટ આઈન્સ્ટાઈને સને ૧૯૪૮માં ગાંધી બાપુ અંજલિ આપતાં કહ્યું હતું કે, 'હાડ-ચામનો બનેલો આવો કોઈ મહામાનવ (ગાંધીજી) પૃથ્વી પર અવતર્યો હતો અને વિચર્યો હતો કે કેમ, એ ભાવિ પેઢી કદાચ માનશે નહીં, જરા જુદી રીતે આ વિધાનો જોઈએ તો ગાંધીજી છેક સને ૧૯૨૮માં કહ્યું હતું કે, 'જો ઈશ્વર મને અદલા બદલી કરવા દે તો હું એ દાદા (રવિશંકર મહારાજ) સાથે અદલાબદલી કરવા તૈયાર છું.' દેશની આઝાદી ગુજરાતના બે મહાન સપૂતોઃ ગાંધીજી અને સરદાર




વિના અશક્ય હતી. એમ જ આઝાદી મળ્યા પછી અલગ ગુજરાતની સ્થાપના વધુ બે સપૂતો રવિશંકર મહારાજ અને ઈન્દુલાલ યાજ્ઞિક વિના કદાચ શક્ય નહોતી. તે રીતે ગુજરાતના છેલ્લા દશકાનો વિકાસ અને એનો સઘળો યશ ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને આપવો પડે એમ છે. આજે ભારતમાં જ નહીં સમગ્ર વિશ્વમાં ગુજરાતની આગવી ઓળખ ઊભી થઈ છે. એનું કારણ એનો કલ્પનાતીત વિકાસ છે.

આ પુસ્તક છેલ્લા એકાદ દસકાનાં ગુજરાતના વિકાસની ગૌરવગાથા ગાય છે. જેમાં લેખકે ૧ થી ૩૯ પ્રકરણોમાં ગુજરાતની વિકાસયાત્રાને ખુબ જ અદ્‌ભૂત રીતે આલેખી છે. આ ગૌરવગાથા નરેન્દ્ર મોદીના નામથી શરૂ થાય છે અને નરેન્દ્ર મોદીના નામ આગળ પૂર્ણવિરામ પામે છે. કારણ કે નરેન્દ્ર મોદી ગુજરાત માટે અનિવાર્ય વન મેન-શૉ બની ગયા છે.

સને ૨૦૦૧, તારીખ ૭ ઑકટોબરના રોજ આધુનિક ગુજરાતના સ્વપ્નદષ્ટા તરીકે ભારતીય જનતા પાર્ટીના નેતા નરેન્દ્ર મોદીએ રાજ્યનાં મુખ્યમંત્રી પદના શપથ લીધા ત્યારે ગુજરાત રાજકીય સહિત જુદાં જુદાં ક્ષેત્રોમાં અસ્થિર અથવા અવઢવ ભરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું હતું. એવાં સંજોગોમાં ગુજરાતનું સુકાન સંભાળવું એ યશ કરતાં અપયશ વધુ અપાવે એમ હતું. એ વાતનો કોઈ ઈનકાર કરી શકે નહીં. ગુજરાતના ૧૪માં અને ભાજપના ત્રીજા મુખ્યમંત્રી તરીકે એ સત્તારૂઢ થયા. ત્યારે કેટલાક નેતાઓને દેશમાં પહેલીવાર ગુજરાતમાં ૧૯૯૫માં ભાજપને રાજગાદી મળીને અને સને ૨૦૦૧માં સત્તાનું સુકાન નરેન્દ્ર મોદીને સોંપાયું એ સાથે જ ૨૧મી સદીના ગુજરાતના વિકાસનો પ્રથમ દશકો દબદબાભેર શરૂ થયો. કારણ કે, તેમનામાં કોઈ પણ આફતને અવસરમાં પલટવાનું સામર્થ્ય હતું.

(અનુસંધાન પાના નં. ૬ પર)